# નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત સાફલ્યગાથા

## તા.૨૬/૦૭/૨૦૨૧ થી ૦૧/૦૮/૨૦૨૧

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
|---|---|
| ચીખલી પો.સ્ટે. અધિકારી /કર્મચારીઓ | ચીખલી પાર્ટ – C- ૧૧૮૨૨૦૦૯૨૧૧૩૬૫/૨૦૨૧ પ્રોહી એક્ટ કલમ ૬૫-એ.ઈ,૮૧,૧૧૬(૨),૯૮(૨) મુજબ ૩૯ પુઠાના બોક્ષમાં ભારતીય બનાવટની વિદેશીદારૂની વ્હીસ્કીની નાની-મોટી બોટલો મળી કુલ-૧૩૬૮ નંગ કિ.રૂ.૨,૧૯,૬૦૦/-ના મુદામાલ સાથે ડીટેઇન કરી આગળની કાર્યવાહી કરેલ. |
| એલ.સી.બી. નવસારી પોલીસ અધિકારી/ કર્મચારીઓ |  નવસારી રુરલ પાર્ટ સી-ગુ.ર.નં. ૧૧૮૨૨૦૨૧૨૧૪૦૭૩ પ્રોહિ એક્ટ કલમ ૬૫એઈ,૮૧, ૧૧૬(૨),૯૮(૨) મુજબતે કાળા કલરની મારૂતી સુઝુકી કંપનીની વેગેનાર કાર રજી નં-MH-02-AY-3355ની લઇ દમણ ખાતે જઇ દમણ ખાતેના અલગ અલગ બાર ઉપરથી વેચાતો લઇ જે પોતાના કબ્જાની કારમાં પ્લાસ્ટીક ના મીણીયા થેલાઓમાં છુટી વ્હીસ્કીની કુલ બોટલો નંગ-૩૩૬ જેની કુલ કી.રૂ. ૩૪,૮૦૦/-નો પ્રોહી જથ્થો ભરી વગર પાસ પરમીટે દારૂના જથ્થા સહીતની કાર વહન કરી લઇ આવતા (૨) મારૂતી સુઝુકિ કાર ની કિ.રૂ.૧,૦૦,૦૦૦/- તથા (૩) અંગ ઝડતી માંથી મળી આવેલ મોબાઇલ ફોન નંગ-૧ જેની કુલ રૂ.૫,૦૦૦/- તથા (૪) રોકડા રૂપીયા,-૨,૦૦૦/- મળી કુલ્લે રૂ.૧,૪૧,૮૦૦/- ના મુદ્દામાલ સાથે ડીટેઇન કરી આગળની કાર્યવાહી કરેલ. |
| એલ.સી.બી. નવસારી પોલીસ અધિકારી/ કર્મચારીઓ | નવસારી રુરલ પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં.ગુ.ર.નંબર ૧૧૮૨૨૦૨૧૨૧ ૪૦૪૪ પ્રોહી એક્ટ કલમ ૬૫ એ.ઇ.૮૧,૧૧૬,(૨) ૯૮,(૨) મુજબ આરોપીઓ (૧) ચેતન નારાયણ જાદવ તથા (૨) નિતુ ઉર્ફે નિશાબેન D/O રામસૂર્ય રામેશ્વરપ્રસાદ સીંગ નાઓ પોતાના કબજાની ઇક્કો સ્પોર્ટ કાર નંબર- GJ 15 CD 8787 ની લઇ દમણ ખાતે જતા વોંટેડ આરોપી નં-(૩) ગુડ્ડુ રહે- દમણ જેનુ પુરૂનામ ઠામ જણાયેલ નથી જેનો મો.નં.૯૭૧૨૦૫૨૫૮૭ નો છે તેણે ઇક્કો સ્પોર્ટ કારમાં છુટી વ્હીસ્કીની બોટલ નંગ-૩૪ તથા વ્હીસ્કીના પાઉચ નંગ-૬૦ મળી કુલ નંગ-૯૪ જેની કુલ કી.રૂ. ૩૭,૧૦૦/-નો પ્રોહી મુદ્દામાલ ભરી આપી ત્રણેય આરોપીઓએ એકબીજાની મદદગારી કરી પકડાયેલ આરોપીઓ પ્રોહી જથ્થો વગર પાસ પરમીટે વહન કરી લઇ જતા (૧) પ્રોહી જથ્થો કી.રૂ. ૩૭,૧૦૦/-, (૨) ઇક્કો સ્પોર્ટ કાર ની કિ.રૂ.૫,૦૦,૦૦૦/- તથા (૩) અંગ ઝડતીમાંથી મળી આવેલ મોબાઇલ ફોન નંગ-૨ જેની કુલ રૂ.૧૫,૦૦૦/- મળી કુલ્લે રૂ.૫,૫૨,૧૦૦/- ના મુદ્દામાલ ડીટેઇન કરી આગળની કાર્યવાહી કરેલ. |
| વાંસદા પો.સ્ટે. અધિકારી / કર્મચારીઓ | 'પાર્ટ-સી ૧૧૮૨૨૦૦૩૨૧૦૯૩૯/૨૦૨૧ ૬૫AE,૮૧, ૯૮(૨),૧૧૬(૨) મુજબ 'તે એવી રીતે કે, સદર હું. સફેદ કલરની મહેન્દ્ર પીકઅપ નંબર-MH-48-AG-8848 ચાલક - નાઓએ ભારતીય બનાવટનો વીદેશી દારૂનો જથ્થો ભરી આપનાર તથા લેનાર વોન્ટેડ આરોપી :- નાઓએ એક બીજાની મદદગારી કરી મહેન્દ્ર પીકઅપના બોડીના પાછળના ભાગે જુના વપરાયેલ ખાલી કેરેટની ઓથમાં વિદેશી દારૂની બાટલી તથા ટીન બીયર કુલ બોક્ષ નંગ-૩૫ જેમા કુલ્લે નંગ-૧,૧૮૮ જેની |

| | |
|---|---|
| | કિ.રૂ.૧,૫૭,૨૦૦/- તથા વાહનની કિ.રૂ.૩,૦૦,૦૦૦/- તથા તહો અંગઝડતી ના રોકડા રૂપિયા ૨૦૦/- તથા ખાલી કેરેટ નંગ-૫૫ જેની કી.રૂ.૨૭૫૦/-ગણી તમામ મુદ્દામાલની કિ.રૂ.૪,૬૦,૧૫૦/- નો મુદ્દામાલસાથે પકડાઇ જઇ ગુનો કર્યા વિગેરે બાબત. |

સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત નવસારી જિલ્લા પોલીસ દ્વારા મહિલા સુરક્ષા સમિતીની બહેનો સાથે બેઠકનુ આયોજન કરવામાં આવેલ.







ફરજ નિષ્ઠા | રવિવારે 5 વર્ષની બાળા ગુમ થયાની જાણ થતાં પોલીસ એક્શનમાં આવી હતી

# નવસારીમાં સવારે 6.00 વાગ્યે બાળા ગુમ થઈ, 10.30 કલાકે પોલીસે શોધી માતાપિતાને સોંપી દીધી

ભાસ્કર ન્યૂઝ | નવસારી

નવસારી ટાઉન પોલીસ મથકે રવિવારે વહેલી સવારે પાંચ વર્ષીય નાનકડી બાળા તેના ઘર પાસેથી ગુમ થયાની જાણ ગુમ થનાર બાળકીની દાદીએ ટાઉન પોલીસ મથકે કરી હતી. ત્યાર બાદ એસ.પીએ આપેલ સૂચનને ધ્યાને લઈ પીઆઈ મયુર પટેલે સ્ટાફને સૂચના અને માર્ગદર્શનને ધ્યાને લઈને માત્ર ચાર કલાકમાં જ ગુમ થયેલ બાળકીનો કબજો તેમના માતાપિતાને સોંપી માનવતા મહેકાવી હતી.

નવસારીમાં કાગદીવાડ ખાતે રહેતી એક વૃદ્ધ મહિલાએ ટાઉન પોલીસ મથકે વહેલી સવારે 7.00 વાગ્યે આવે છે. પોલીસને હાથ જોડી આજીજી કરે છે કે તેમના દીકરાની પાંચ વર્ષીય મીનું (નામ બદલ્યું છે.) ઘર પાસે રમતી હતી, ત્યારે અચાનક 6.30 વાગ્યાના સુમારે ગુમ થઈ છે. ટાઉન પીઆઈ મયુર પટેલને જાણ થતાં તેમણે ડી સ્ટાફના પરેશભાઈ, કિરીટભાઈ અને સંતોષ સાલુંકેને સૂચના આપતા નાનકડી બાળાની શોધખોળ શરૂ કરી દીધી હતી. ઘટનાની ગંભીરતા જોતા નવસારી ટાઉન સાથે એલસીબી પોલીસ અને એસઓજીની પોલીસ ટીમ પણ જોડાઈ હતી. બાળાના પિતાની પૂછપરછ દરમિયાન તેમના અંગત જીવનની વાતો સામે આવી હતી. જેને આધારે શોધખોળ કરતા અને મોબાઈલ ટેક્નિકલ સર્વેલન્સને આધારે જાણવા મળ્યું કે, છાપરા રોડ ખાતેથી બાળકીની માતા પાસે બાળા ચાલી ગઈ હતી. જેથી બાળાનો કબજો લઈ પોલીસે બાળાના વાલીઓને કબજો સોંપ્યો હતો. હાલમાં અલુણાનો પર્વ હોય નાનકડી બાળાઓ વહેલી સવારે પૂજન અર્ચના કરવા જતી હોય ત્યારે આવી ઘટના બનતા લોકોમાં ભયનો માહોલ સર્જાય છે. નવસારી ટાઉન પોલીસ શહેરમાં કોઈ પણ દુર્ઘટના અંગે પહોંચી વળવા સક્ષમ હોય પોલીસની સફળ કામગીરી બદલ પોલીસની તમામ ટીમને શહેરના અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતા. નવસારી શહેરમાં વહેલી સવારે પાંચ વર્ષીય બાળા ગુમ થતાં ચકચાર મચી ગઈ હતી. નવસારી એસપીના માર્ગદર્શન હેઠળ બનેલી ત્રણ પોલીસની ટીમે માત્ર ચાર કલાકના ગાળામાં બાળાને તેના માતાપિતાને સોંપવાની ઘટનાએ નવસારી શહેરના લોકોએ પોલીસની કર્તવ્ય નિષ્ઠાને સલામ કરી હતી.

**બાળકીને 4 કલાકમાં શોધી વાલીઓને કબજો આપ્યો**

સવારે બાળા ગુમ થયાની ખબર પોલીસ મથકે આવતા એસપી ઋષિકેશ ઉપાધ્યાયની સૂચના અનુસાર પોલીસની ત્રણ ટિમો બનાવી હતી. જેમાં ગુમ થનાર બાળાના માતાપિતા અલગ રહેતા હોય તે અંગે માહિતી મેળવી અને પડોશીઓના નિવેદનો લેવાયા હતા. જેમાં સવારે બાળકીની માતા કાગદીવાડ વિસ્તારમાં આવી હોય તેમ તપાસમાં ખુલતા તેઓ છાપરા રોડ ખાતે રહેતી હોય ત્યાંથી બાળાનો કબજો મેળવ્યો હતો. પોલીસે માત્ર 4 કલાકમાં બાળાનો કબજો માતાપિતાને સોંપ્યો હતો. અલગ રહેતા માતાપિતાને કારણે બાળક બીજી વાર ક્યાંય જતા ન રહે તે માટે બાળકીના માતા-પિતાનું કાઉન્સેલિંગ કરી સાથે રહે તે માટે પણ પોલીસે સલાહ આપી હતી. - મયુર પટેલ, પીઆઇ, ટાઉન પોલીસ નવસારી

આજરોજ તા. ૧૭.૦૭.૨૦૨૧ નવસારી પોલીસ અધિક્ષકની કચેરી ખાતે ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને કાયદો અને વ્યવસ્થાની પરસ્થિતિની સમીક્ષા બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં એડીશનલ ડી.જી.પી.શ્રી રાજકુમાર પાંડિયન,(સુરત રેન્જ આઇ.જી.પી.) જિલ્લા પોલીસ અધિક્ષક ઋષિકેશ ઉપાધ્યાય તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહયાં હતા.




